**પરીપત્ર**

**વિષય : પી.જી./બી.એડ./એમ.એડ./એલએલ.એમ. ના ડીગ્રી સર્ટીફિકેટ મેળવવા માટેના ફોર્મની ઓનલાઇન એન્ટ્રી શરૂ કરવા બાબત.**

**(નવા સોફ્ટવેર અંતર્ગત)**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી યુનિવર્સિટી સંલગ્ન અનુસ્નાતક કેન્દ્રનાં પ્રોફેસર્સ ઇન્ચાર્જશ્રીઓ, સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તેમજ માન્ય સંસ્થાઓના વડાઓને જણાવવાનું કે, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા નવા સોફ્ટવેર અંતર્ગત પી.જી./બી.એડ./એમ.એડ./એલએલ.એમ. અભ્યાસક્રમના ડીગ્રી સર્ટીફિકેટ મેળવવા માટેનાં ફોર્મની ઓનલાઇન એન્ટ્રી શરૂ કરવામાં આવે છે જેની તારીખ નીચે મુજબ રહેશે. નિયત સમય-મર્યાદામાં કોલેજ દ્વારા પોતાના લોગીન મારફત એન્ટ્રી કરવાની રહેશે.

| કોર્ષનું નામ | એન્ટ્રી શરૂ થવાની તારીખ | એન્ટ્રી પૂર્ણ થવાની તારીખ |
|---|---|---|
| પી.જી./બી.એડ./એમ.એડ./એલએલ.એમ. | ૧૮/૦૬/૨૦૨૪ | ૨૬/૦૬/૨૦૨૪ |

નિયત સમયમર્યાદા બાદ ડીગ્રી ફોર્મની ઓનલાઇન એન્ટ્રી સોફટવેર સ્વીકારશે નહીં, જેની નોંધ લેવી. ડીગ્રી સર્ટીફિકેટ ફોર્મ ફી રૂ.૨૫૦/- ઓનલાઇન અથવા ઓફલાઇન માધ્યમ દ્વારા ચુકવવાના રહેશે. જો ઓનલાઇન માધ્યમ દ્વારા ચુકવણી કરેલ હોય તો તેના આધાર પૂરાવાની નકલ જોડવાની રહેશે અથવા જો બેંકમાં ચલણ મારફત ઓફલાઇન માધ્યમ દ્વારા ચુકવણી કરેલ હોય તો ચલણમાં ફરજીયાત પણે બેંકના સહી સિક્કા કરાવવાના રહેશે. ચલણમાં Payment Reference Number તેમજ ચુકવણીની તારીખ દર્શાવવી ફરજીયાત છે. જેની ખાસ નોંધ લેવી. છેલ્લી તારીખ બાદ ચાલુ કામકાજના દિવસ ૨(બે)માં ફરજીયાત પણે ચેકલિસ્ટ તેમજ ચલણ, પરીક્ષા વિભાગમાં જમા કરવાનું રહેશે

**ખાસ નોંધ :-**

| | |
|---|---|
| ૧. | **દરેક વિદ્યાર્થીએ ડીગ્રી સર્ટીફિકેટમાં જે એડ્રેસ ( કાયમી સરનામું) દર્શાવેલ હોય, તે જ એડ્રેસની કોલેજ દ્વારા સોફટવેરમાં એન્ટ્રી કરવી તેમજ શહેરી વિસ્તારમાં રહેતા હોય તેવા વિદ્યાર્થીના સંપૂર્ણ સરનામાની એન્ટ્રી કરવાની રહેશે. જેમાં ઘર નંબર, શેરી નંબર/નામ, વિસ્તારનું નામ વગેરે વિગત દર્શાવવાની રહેશે.** |
| ૨. | **ડીગ્રી ફોર્મ કોલેજે પોતાની પાસે રેકોર્ડમાં સાચવીને રાખવાં, જરૂર પડયે યુનિવર્સિટી દ્વારા મંગાવવામાં આવે, તો રજુ કરવાનાં રહેશે.** |
| ૩. | • જે વિદ્યાર્થીઓ યુનિ. માંથી રૂબરૂ ડીગ્રી સર્ટીફિકેટ મેળવવા માંગે છે તેવા વિદ્યાર્થીઓએ "**IN PERSON**" વિકલ્પ પસંદ કરવો.<br>• જે વિદ્યાર્થીઓ ડીગ્રી સર્ટીફિકેટ કુરિયર અથવા પોસ્ટ મારફત મેળવવા માંગે છે તેવા વિદ્યાર્થીઓએ "**IN ABSENTIA**" વિકલ્પ પસંદ કરવો. |

ડી.ડી.એમ. ચુડાસમા

**પરીક્ષા નિયામક**

**બીડાણ : ડીગ્રી ફોર્મની ઓનલાઇન એન્ટ્રી કરવા માટેની અગત્યની સુચનાઓ.**

**HELP LINE-0285-2681409**

ક્રમાંક/બીકેએનએમયુ/પરીક્ષા/૭૭૯/૨૦૨૪, તા.૧૫/૦૬/૨૦૨૪

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,

ખડીયા, જૂનાગઢ-૩૬૨ ૨૬૩

**પ્રતિ,** યુનિવર્સિટી ભવનનાં અધ્યક્ષશ્રીઓ, યુનિવર્સિટી સંલગ્ન અનુસ્નાતક કેન્દ્રનાં પ્રોફેસર્સ ઇન્ચાર્જશ્રીઓ, સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તેમજ માન્ય સંસ્થાઓના વડાઓ તરફ ......

**નકલ સવિનય રવાના:-**

(૧) માન. કુલપતિશ્રીના અંગત સચિવશ્રી [જાણ અર્થે] (૨) આઇ.ટી. સેલ (યોગ્ય કાર્યવાહી તેમજ વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવા અર્થે)
(૩) હિસાબી શાખા (યોગ્ય કાર્યવાહી અર્થે)

# ઓનલાઇન પી.જી. અભ્યાસક્રમના ડીગ્રી ફોર્મ ભરવા અંગેની માર્ગદર્શીકા

## College Login

- Logging with Your Username and password

  https://bknmuerp.in




- તમામ વિદ્યાર્થીઓના ડીગ્રી ફોર્મ યુનિવર્સિટી દ્વારા એનરોલમેન્ટ/પી.જી. રજીસ્ટ્રેશનના ડેટાને આધારે પહેલેથી ભરીને સેવ કરેલ છે. જો કોઇ વિદ્યાર્થીઓના એડ્રેસ, મોબાઇલ નંબર જેવી વિગતોમાં ફેરફાર થયેલ હોય તો નીચે મુજબના સ્ટેપ્સ અનુસરીને વિદ્યાર્થીઓના ડીગ્રી ફોર્મમાં સુધારો કરી શકશે. Select Academic Year : 2023-24

  UMS ➡ DEGREE ➡ DEGREE APPLICATION FORM (COLLEGE)

  ઉપરોક્ત સ્ટેપ્સ અનુસરી 3rd Convocation પસંદ કરી જરૂરી વિગત ભરવાની રહેશે તેમજ શરૂઆતની તારીખ : ૦૧/૦૧/૨૦૨૪ રાખવાની રહેશે.

- ડીગ્રી ફોર્મમાં સુધારો કર્યા બાદ ચલણ જનરેટ કરી ડીગ્રી ફી ભરવાની રહેશે જેના સ્ટેપ્સ નીચે મુજબ રહેશે.

  UMS ➡ DEGREE ➡ DEGREE PAYMENT CONFIGURATION (COLLEGE)

  ઉપરોક્ત સ્ટેપ્સ અનુસરી જરૂરી વિગત ભર્યા બાદ ચલણ જનરેટ કરવાનું રહેશે તેમજ ચલણ જનરેટ કર્યા બાદ ઓનલાઇન અથવા ઓફલાઇન (બેંકમાં) ચલણ ભરવાનું રહેશે.

- કોલેજ દ્વારા અત્રેની યુનિવર્સિટી ખાતે ફી જમા થયા બાદ તમામ ડીગ્રી યુનિવર્સિટી દ્વારા વેરીફાય કરવામાં આવશે ત્યારબાદ તમામ કોલેજ વિદ્યાર્થીઓના ડીગ્રી ફોર્મની પ્રિન્ટ કરી શકશે. જેના સ્ટેપ્સ નીચે મુજબ રહેશે.

  UMS ➡ DEGREE ➡ DEGREE APPLICATION FORM (COLLEGE)

  જે વિદ્યાર્થીઓની ડીગ્રી ફી કોલેજ દ્વારા ભરવામાં આવેલ હશે માત્ર તે જ વિદ્યાર્થીઓના ડીગ્રી ફોર્મ પ્રિન્ટ થઇ શકશે જેની સર્વે સંબંધીતોએ ખાસ નોંધ લેવી.